January 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 3 / 120
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પાટણ શતાબ્દિ ગૌરવ

### આધાર સ્થંભ યોજના - જાન્યુઆરી ૨૦૧૭

શ્રી પાટણ જૈન મંડળ પાસે સમાજના જરૂરિયાતવાળા પરિવારો તરફથી આવતી શિક્ષણ - મેડીકલ તેમજ જીવન નિર્વાહ માટેની અરજીઓની સામે અપૂરતા ફંડના લીધે આપણે ઘણી ઓછી રકમજ ફાળવી શકીયે છે. બદલાયેલા સંજોગોમાં વ્યાજના દર ઘટવાથી સંસ્થા પાસેના ફંડના સ્ત્રોતમાં ઓર ઘટાડો થશે. એની સામે સહાય માટેની અરજીઓની સંખ્યા દર વર્ષે વધે છે. આવી પરિસ્થિતિમાં આવતા દશ વર્ષમાં સહાયની રકમને આપણા સમાજમાં સંતોષકારક પ્રમાણમાં આપી શકીએ તે હેતુથી **સંસ્થાનું ભંડોળ વધારવું અનિવાર્ય છે.**

સમાજના સાધર્મિકો પ્રતિ સંસ્થામાં સખાવત આપતા દાતાઓની અંતરની હુંફ અને પ્રેમ હજુપણ અકબંધ હોવાથી સંસ્થા દ્વારા કરવામાં આવતી ટહેલનો સકારાત્મક પ્રતિસાદ મળશે જ એવો અમારો વિશ્વાસ અસ્થાને નથી. **શ્રી પાટણ જૈન મંડળના સંચાલકોએ પાટણ શતાબ્દિ ગૌરવ - આધાર સ્થંભ યોજના, ૨૦૧૭ના વર્ષથી શરૂ કરી છે** જેની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

સંસ્થાની શતાબ્દિ પૂર્ણાહુતિએ સમાજને તેની જરૂરિયાતો મહદ્અંશે સંતોષી શકવાના ભગીરથ મનોરથો સાથે આવક સ્ત્રોતો તથા ખર્ચના આંકડાઓનું તાલમેલ જાળવવા શતાબ્દિ ઉજવણીના સંભારણા રૂપે નીચે મુજબ ત્રિવાર્ષિક દાન યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે. એ મુજબ દાતા ત્રણ વર્ષના સમયગાળામાં આ સખાવત પૂર્ણ કરે એવી અપેક્ષા રાખેલ છે.

| | |
|---|---|
| રત્ન સ્થંભ | રૂા. ૧૧,૦૦,૦૦૦/- |
| સુવર્ણ સ્થંભ | રૂા. ૮,૦૦,૦૦૦/- |
| રજત સ્થંભ | રૂા. ૫,૦૦,૦૦૦/- |

સમાજના દરેક સ્તરના દાતાઓ પોતાની ઈચ્છા તેમજ બજેટ અનુસાર સંસ્થાનું આર્થિક સ્તર મજબુત કરવામાં સહભાગી થઈ શકે એ માટે અન્ય યોજનાઓ પણ હાથ ધરેલ છે, આની વિગતો પ્રમુખના પત્રમાં કરી છે.

## દાતાશ્રીઓને મળનારા લાભો

૧. **રૂા. ૧૧ લાખ** આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકેના **ત્રણ હક્કો મળશે. રૂા. ૮ લાખ** આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકેના **બે હક્કો મળશે. રૂા. ૫ લાખ** આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકેનો **એક હક્ક મળશે.**

૨. શતાબ્દિ ગૌરવનો **''મોમેન્ટો''** મંડળના સ્ટેજ કાર્યક્રમ સમયે આપવામાં આવશે. સમાજના શતાબ્દિ ગૌરવ દાતા તરીકેની અલગ ઓળખ આપતી **''સ્પેશિયલ પીન''** આપવામાં આવશે.
**રૂા. ૧૧ લાખ આપનાર દાતાને ત્રણ પીન**
**રૂા. ૮ લાખ આપનાર દાતાને બે પીન**
**રૂા. ૫ લાખ આપનાર દાતાને એક પીન**

૩. મંડળના મુખ્ય જાહેર પ્રોગ્રામોમાં દાતાઓની નામાવલીના બેનર મુકવામાં આવશે. પાટણ પ્રતિબિંબમાં દાનના વચન આપનાર સભ્યોના નામો રત્ન સ્થંભ, સુવર્ણ સ્થંભ અને રજત સ્થંભ અન્વયે વખતોવખત છાપવામાં આવશે.

૪. દાનની રકમ પૂર્ણ થતાં પાટણ પ્રતિબિંબમાં તથા વાર્ષિક અહેવાલમાં ફોટા તથા નામો છાપવામાં આવશે.
**રૂા. ૧૧ લાખ આપનાર દાતાના બે ફોટા**
**રૂા. ૮ લાખ આપનાર દાતાનો બે ફોટા**
**રૂા. ૫ લાખ આપનાર દાતાના એક ફોટો**

૫. રૂા. ૫ લાખના દાતા દ્વારા ૪૦ ટકા દાનની રકમ પ્રાપ્ત થતાં એક વ્યવસ્થાપક સમિતિનો હક્ક આપવામાં આવશે.

૬. રૂા. ૮ લાખના દાતા દ્વારા ૪૦ ટકા દાનની રકમ પ્રાપ્ત થતાં એક, ૬૦ ટકા રકમ પ્રાપ્ત થતાં બીજા સભ્ય તરીકેનો વ્યવસ્થાપક સમિતિનો હક્ક આપવામાં આવશે.

૭. રૂા. ૧૧ લાખના દાતા દ્વારા ૪૦ ટકા દાનની રકમ પ્રાપ્ત થતાં એક, ૬૦ ટકા રકમ પ્રાપ્ત થતાં બીજા સભ્ય તથા ૮૦ ટકા રકમ પ્રાપ્ત થતાં ત્રીજા સભ્ય તરીકેનો વ્યવસ્થાપક સમિતિનો હક્ક આપવામાં આવશે.

૮. સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ ૮૦જી કલમ અન્વયે **૫૦ ટકા કરમુક્ત છે.**

❑ શ્રી પાટણ જૈન મંડળ

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારોએ વધતી જતી સહાયની માંગને પહોંચી વળવા **'શતાબ્દિ ગૌરવ ફંડ'નું** આયોજન કરેલ છે તે બાબત તા. ૭-૧-૨૦૧૭ ના દાતાઓ તથા કાર્યકર્તાઓનું એક get-together વાય. બી. ચૌહાણ હોલમાં યોજવામાં આવેલ હતું અને એક Power point Presentation દ્વારા ગત વર્ષોમાં આપણે શિક્ષણ, મેડીકલ તથા આર્થિક સહાયમાં કઈ રીતે વધારો કરતાં ગયા તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

હાલમાં વ્યાજના દર ઘટવાથી શ્રી પાટણ જૈન મંડળના કોર્પસની વ્યાજની આવકમાં નોંધપાત્ર ઘટાડો થશે અને એજ્યુકેશન / મેડીકલ તથા આર્થિક સહાય માટે આપણા પરિવારોની જરૂરિયાતમાં નોંધપાત્ર વધારો થશે. **'શતાબ્દિ ગૌરવ ફંડ'માં રત્ન સ્થંભ, સુવર્ણ સ્થંભ તથા રજત સ્થંભ અંગે દાતા પરિવારોને સમજણ આપવામાં આવી.** સમાજના દાતા પરિવારોએ લગભગ **રૂા. ૨ કરોડથી વધુના વચન આપ્યા** જે ખરેખર અનુમોદનીય છે. જે સભ્યો ઉત્સાહપૂર્વક ફાળા માટે વચન બદ્ધ થયા છે તેમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

ઉપરોક્ત મીટીંગમાં સમાજ માટેના વિવિધ કાર્યક્રમો અંગે અને શ્રી પાટણ જૈન મંડળના વહિવટીય ખર્ચ અંગે સ્પષ્ટતા કરી હતી કે તેમાં કરકસરપૂર્વક કાર્યો થઈ રહયા છે. સમાજના વિવિધ કાર્યક્રમોમાં મંડળનો ખર્ચ બજેટ પ્રમાણે જ કરવામાં આવે છે અને વધારાનો ખર્ચ ખાસ કરીને દાંડિયારાસ તથા અન્ય મનોરંજન કાર્યક્રમ માટે સ્પોન્સરર દ્વારા કરવામાં આવે છે. મોટા ભાગના કાર્યક્રમો માટે શ્રી પાટણ જૈન મંડળને દાતા પરિવારોનો સહકાર મળતો રહે છે અને આ કારણથી શ્રી પાટણ જૈન મંડળ પર ખર્ચનો ભાર પડતો નથી.

શતાબ્દિ ગૌરવ ફંડની વિગતો પ્રતિબિંબમાં પ્રથમ પાને વિગતવાર આપવામાં આવી છે. આ સિવાય **સમાજ ઉત્કર્ષ ફંડ** અભિયાન પણ શરૂ કરેલ છે જેની વિગતો છેલ્લા પાના ઉપર આપેલ છે. સમાજના દરેક સંપન્ન પરિવારને મારી વિનંતિ છે કે, આપણી માતૃસંસ્થાને સુદ્રઢ કરવા સામાજિક સંસ્થાના પ્રાણવાયુ સમાન "આર્થિક અનુદાન" મન મોટુ રાખીને આપશો. જે પરિવારોને પોતાના નામ સાથે રૂા. ૧૫ લાખ કે તેથી વધુની સખાવત કરવાની ઈચ્છા હોય તો તેમના બજેટને અનુરૂપ મેડીકલ તેમજ શૈક્ષણિક યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે. લાભાર્થીઓએ સંસ્થાના પ્રમુખશ્રી તથા ચાર ઉપપ્રમુખોમાંથી કોઈ નો પણ સંપર્ક કરવો. હોદ્દેદારો આપને રૂબરૂ મળી વિગતો સમજાવશે.

આર્થિક સહાય, ભાડા સહાય અને ખાસ કરીને મહિલા ઉત્કર્ષ અને વૃદ્ધજન સહાય માટે ઉપરોક્ત મીટીંગમાં દાતાઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. ગણતરીની મીનીટોમાં એક વર્ષના રૂા. ૧ લાખ લેખે

## *From President's Desk...*

Shree Patan Jain Mandal (PJM) office bearers had organized Get together particularly dedicated for " Shatabdi Gaurav Fund ". This was a platform to invite donors to meet the growing demands of fund in various social activities of PJM which has constantly strived hard to match the requirement in field of Education, Medical and Social upliftment. Various ideas were discussed statistically with a Power Point Presentation.

The current decrease in the Bank Interest Rates on PJM corpus fund will eventually affect our ability to provide Financial support to the deserving Families. In "Shatabdi Gaurav Fund" we have introduced Ratna Stambh , Suvarna Stambh and Rajat Stambh and briefed donors about the same. In response to the appeal the donor's families, identifying their moral responsibility whole heartedly committed to donating the amount of more than 2 crores in the next 3 years.I highly appreciate their generous act.

A clear and healthy discussion was held regarding the various social activities of PJM and the corresponding administrative expenses, which are maintained very transparently and economically. All the expenditures of the events are as per the allocated budget. Most of the same are sponsored and supported by the donors, due to this we have never exceeded the budget.

The details of the "Shatabdi Gaurav Fund" is given on the front page of this " Pratibimb". Apart from this, the details of the "Social Upliftment Fund" initiated by PJM is available on the last page. I humbly request and appeal to all the privileged Patanis to contribute whole heartedly and generously for all the noble causes of our PJM. We have Specially designed Donations Schemes, for those who Wish to donate 15 Lacs or more. They can always join in for a detailed One to One discussion with the president or any of the four Vice Presidents.

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

૩ વર્ષ માટે ૨૦ પરિવારો તરફથી દર વર્ષના એક લાખ જાહેર કર્યા, તે સૌ દાતાઓનો હું અંતઃકરણથી આભાર માનું છું. આ ભંડોળથી આર્થિક સહાય, મહિલા ઉત્કર્ષ તથા વૃદ્ધજન સહાય અગાઉના વર્ષ કરતા વધુ આપી શકાશે, ખાસ કરીને આપણી વિધવા તથા ત્યકતા બહેનો કે જેઓ શ્રી પાટણ જૈન મંડળ તરફ મીટ માંડે છે. આ પરિવારોને આપણે  ખાસ કરીને એમના પરિવારના સભ્યોના એજ્યુકેશન માટે અથવા તો જેઓ ગૃહઉદ્યોગ દ્વારા આર્થિક સ્થિતિ સુધારી શકતા હોય તેમાટે શ્રી પાટણ જૈન મંડળ તેમને તમામ પ્રકારની સહાય આપવા હરહંમેશ તત્પર રહેશે.

પાટણ ખાતેના આપણા અતિથિગૃહનું રીનોવેશન હાલમાંજ પૂર્ણ થયું. અતિથિગૃહને લિફ્ટ, ટીવી, એ.સી, ગીઝર વિગેરે સાથે અત્યંત આધુનિક સગવડતાયુક્ત બનાવવામાં આવ્યું છે. તેનું ઉદ્‌ઘાટન દાતાઓની હાજરીમાં તા. ૧૭-૧૨-૨૦૧૬ને દિને કરવામાં આવ્યું. પાટણ કનાસાના પાડાના **શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ** તથા અન્ય દાતાઓએ અતિથિગૃહના રીનોવેશન માટે ઉદારતાપૂર્વક ફાળો આપેલ તે બદલ હું સર્વે દાતાશ્રીઓનો આભાર માનું છું. અતિથિગૃહના રિનોવેશન કાર્યને સંપન્ન કરવા અથાગ પરિશ્રમ કરવા બદલ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી) તેમજ શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહનો** હું ખાસ આભાર માનું છું.

તા. ૧૮-૧૨-૨૦૧૬ના દિવસે પાટણ ખાતેની આપણી શાળાના વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારંભ આયોજીત કરવામાં આવ્યો હતો. આપણી શાળાના બાળકોએ જે રીતે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી રહ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. શિક્ષકો-કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ સંચાલકોના સંયુક્ત પ્રયાસોથી શાળાને ગૌરવ પુર્વ સ્થાન પ્રાપ્ત થયેલ છે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**


**DIVINE SKIN AND HAIR CLINIC**

**DR. DIMPLE BHANKHARIA**

*MBBS, DVD, DDV, DNB (Dermatology)*

ADVANCED SOLUTIONS AVAILABLE FOR ALL DERMATOLOGY, COSMETOLOGY AND TRICHOLOGY PROBLEMS

Plot No. 177, Rajaram Niwas Building,
Ground Floor, Hindu Colony, Near Laud Clinic,
Dadar (E), Mumbai - 400014

CONTACT

24179144, 9702162393, 64108080

ADVT


## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

We got tremendous response in this meeting for Social upliftment, Rent relief, Women empowerment and Senior Citizen welfare funds. In just a few minutes 20 Families came Forward with a commitment on donating Rs. 60 Lakhs in the span of 3 years which is highly commendable on their part. PJM is truly humbled and honoured by these funds, we will be in a better position to help many financially weak families and individuals. PJM has always supported families / individuals who run small or home-run business, single women, widows and Senior Citizens.

We have completed the work on Patan Atithigruh Which was under renovation for quite a while. It is Finally ready with all the modern amenities like Lift, TV, Gezer, A.C etc. It was inaugurated on 17-12-2016 in the esteemed presence of all the donors. I would again like to pay my gratitude to Smt. Shardaben Basbubhai Kalidas Shah. (Kanasano Pado) and all other donors for their valuable support and donation for this project. I would also like to thank **Shri Dineshbhai Shantilal Shah (Polni Sheri) and Shri Ashwin Panalal Shah** for devoting their valuable time and helping with the completion of this project.

The award function of B. D. High School was organized on 18-12-2016 where the children were Felicitated for their achievements on national as well as international level in all the different curriculums and fields. It is indeed a proud moment for our school.

❑ **Dinesh Shantilal Shah**


**રેડી પઝેશના બ્લોકો વેચાણથી આપવાના છે**

પાટણ, કનાસાના પાડા ખાતે શાંતિનાથ એપાર્ટમેન્ટસમાં મુંબઈ સ્ટાઈલથી બેઝીક સાધન સુવિધાઓ (કન્સીલ્ડ વાયરીંગ, બાથરૂમ ફીટીંગ, ગ્રેનાઈટ કીચન) બંધાયેલ ચાર માળના મકાનમાં 1 BHK (625-675 sq), 2 BHK (725-sq) બ્લોકો વેચાણથી આપવાના છે.

બેંક લોનની સુવિધા ઉપલબ્ધ છે

સંપર્ક: ભાવેશ શાહ-9820838667 પરેશ શાહ-9374664066

ADVT

## તંત્રી સ્થાનેથી...

### "હાથે કરશું એજ સાથે આવશે."

દરેક વ્યક્તિનો મૂળભૂત સ્વભાવ આત્મનિર્ભરતાનો જ હોય છે, પરંતુ સંજોગોઆધીન મજબુરીથી હાથ લંબાવવો પડતો હોય છે. સમાજમાં અનેક પરિવારો **હેન્ડ ટુ માઉથ** દિવસો ગુજારી રહ્યા છે. મોઘવારીના બે પડળ વચ્ચે સાધારણ માનવી ભિંસાતોજ જાય છે **ન કહેવાય, ન સહેવાય** તે સ્થિતીમાં માનવી કરે પણ શું ? ?

આવી પરીસ્થીતી હોય ત્યારે આપણાંથી બનતું આપણે કરવુંજ જોઈએ. કોઈને સહાય, કોઈને સાંત્વતા, કોઈને સધિયારો કે છેવટે બે શાતાદાયક બોલ એટલું તો ચોક્કસ કરી શકીએ. એક સિધ્ધ આત્મા આપણી કોઈ ઓળખ વગર આપણાને નિગોદમાંથી કાઢીને અતિ દુર્લભ એવો મનુષ્યભવ પામવામાં નિમિત્તરૂપ બનયો તે ૠણ, તે ઉપકાર તે અનુગ્રહનો ભાર શી રીતે ઉતરે ? તેના માટે એક જ રસ્તો છે, કોઈએ આપણું ભલું કર્યુ છે તો આપણે અન્યનું ભલુ કરીએ. ઈશ્વરે આપણાને કોઈક સ્થાને મૂક્યા છે અને તેના વિશ્વાસે અનેકની જવાબદારી આપણા શીરે મૂકી છે. ચોર્યાસી લાખના ફેરામાં કોણ.. કોને.. કયાં.. કઈ સ્થિતીમાં ફરી મળીશું તેનાથી આપણે અજાણ છીએ પરંતુ, જગતના રંગમંચ પર આવ્યાં છીએ તો શક્તિ અનુસાર શક્ય તેટલી સાધર્મિક ભક્તિ કરવાની પરમાત્મા આપણાને જરૂર શક્તિ પ્રદાન કરશે.

સહાય લેનારના સ્વમાનને ઠેસ ન પહોંચે અને તેઓ સ્વાવલંબી બની નિર્ધનતાના કળણમાંથી બહાર આવે તેવા એકમાત્ર ઉદ્દેશથી કાર્યરત આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળ, સાધર્મિક ભક્તિ કરવા માટેનું આપણા માટે શ્રેષ્ઠ માધ્યમ છે.** દરેક ચેરીટેબલ સામાજીક સંસ્થાનો પાયો તેનું કોર્પસ ફંડ છે. તેના આધારે સંસ્થાની સહાયની તેમજ વિકાસ પ્રવૃત્તિઓ નિર્ભર હોય છે. સંસ્થાને વર્ષો-વર્ષ કાર્યરત અને ચેતનવંતી રાખવી હોયતો માતબર કોર્પસ ફંડ હોવું અતિઆવશ્યક છે. સંસ્થાની પ્રવૃતિઓનું ખરૂં ચાલકબળ કોર્પસ ફંડ છે. સંસ્થાના સંચાલકોએ દેશની બદલાતી આર્થિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખી અગમચેતી વાપરી **પાટણ શતાબ્દી ગૌરવ આધાર** સ્થંભ યોજના શરૂ કરેલ છે, આ ફંડ અંગેની વિગતવાર માહિતી આ અંકના પ્રથમ પાને આપી છે. **વ્યક્તિગત મતભેદને ભૂલીને સમાજ અને સંસ્થા પ્રત્યે આપણા ૠણ સ્વીકાર કરવાના અવસરને સૌએ ઉજવી લેવાનો છે.**

**"હાથે કરશું એજ સાથે આવશે."** સંસ્થાની પ્રવૃતિમાં ભવિષ્યમાં પણ ચેતના જળવાઈ રહે અને પ્રગતિ રૂંધાય નહીં તે માટે સંસ્થાની શતાબ્દીની ઉજવણીના આ વર્ષમાં ઉપર્યુક્ત યોજનામાં ઉદારતાથી લાભ લેવા નમ્રાતિનમ્ર વિનંતી છે.

❑ **સંપાદક સમિતિ**


**પાટણનું શુદ્ધ ગેરેંટેડ ઘી મળશે**
**પાટણના પાપડ, ખાખરા માટે સંપર્ક કરવો**
**તેમજ ગોરેગામમાં જગ્યા લેવા-વેંચવા તેમજ**
**ભાડેથી આપવા - લેવા સંપર્ક કરવો**

**નિતીન એચ. શાહ**

**મો.** 9820173837 / 9320924680 / 28733502

242/203 જવાહર નગર રોડ નં. ૩, ગોરેગામ (વે), મુંબઈ-૬૨

ADVT


## TSUNAMI

A Sunday morning, I woke up with a jerk,
From the Tsunami that crashed into the house of the clerk.
I heard people screaming,
While I was dreaming.

As I stood on the 3rd floor,
The water trickled through my door.
I covered every nick and corner of my house,
Even that of the terrified mouse.

My house looked like a total mess,
Such a disheveled sight you could not guess.
Finally, when the Tsunami calmed down,
I heard the sirens of the search engines in the town.
32 thousand in this very town,
Only 21 thousand were ever found.

❑ **Aahan Mihir Dineshbhai Shah (Age 11yrs)**

### "વિણેલા મોતી"

તણખલાં જેટલો ઉપકાર કરવા મળે તો પણ કરી લ્યો કારણકે તેના ફળ તાડ જેવડા મોટા હોય છે....

જિંદગી એ પસંદનું નહી, શક્યતાનું નામ છે...

મહત્વાકાંક્ષા એ એક પ્રકારનું રસપાન છે, કેટલાંકને એ તારે છે તો કેટલાંકને એ મારે છે...

દરેક યુગ નવી પેઢીને શિખામણ આપતોજ હોય છે...

પ્રત્યેક વ્યક્તિએ ધાર્મિક થવુ જોઈએ પણ સાંપ્રદાયીક ન થવુ જોઈએ...


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

# ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૭

## મુખ્ય સૌજન્ય દાતા : શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણી

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ મુંબઈના જુદા જુદા વિસ્તારોની ક્રિકેટ ટીમો વચ્ચે T20 ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ પાંચ ક્રિકેટ ટીમોએ ભાગ લીધો છે. બધી મેચો **કર્ણાટક સ્પોર્ટીંગ એસોસિએશન ક્રોસ મેદાન, ચર્ચગેટ ખાતે ૯.૩૦ થી ૧૨.૩૦ અને ૧ થી ૪ દરમ્યાન રમાશે, જેમાથી પ્રથમ બે આવનાર ટીમો વચ્ચે ફાઈનલ રમાશે.**

### ફાઈનલ ડે એન્ડ નાઈટ મેચ

**દિનાક** : **શનિવાર, તા. ૨૫-૨-૨૦૧૭**
**સ્થળ** : **વિલસન જીમખાના, મરીનડ્રાઈવ**
**સમય** : **સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાકે**

સર્વે મેચો દરમ્યાન સમાજના ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા આપ સૌને ઉપસ્થિત રહેવા વિનંતી. ચાલુ સાલે ટીમોને નીચે મુજબના દાતાઓ તરફથી સ્પોન્સર કરવામાં આવેલ છે.

- **પ્રીસીસન બેરીંગ્સ પ્રા. લિ. તથા રીયોથ હેલ્થકેર પ્રા.લિ. - અંધેરી - વિલેપાર્લે તથા બોરીવલી**
- **બ્રાઈટ સીસ્ટમ - ગોરેગામ**
- **સ્પાઈસીસ એન્ડ ફ્લેવર્સ - પ્રાર્થના સમાજ - વાલકેશ્વર**
- **સ્પોર્ટી બીન્સ - મરીન ડ્રાઈવ**

| | | | | |
|---|---|---|---|---|
| તા. ૩૧-૧-૧૭ | (૧) | મરીનડ્રાઈવ ટીમ | વિરુદ્ધ | બોરીવલી ટીમ |
| મંગળવાર | (૨) | પ્રાર્થના સમાજ - વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | અંધેરી-વિલેપાર્લા ટીમ |
| તા. ૨-૨-૧૭ | (૧) | ગોરેગામ ટીમ | વિરુદ્ધ | અંધેરી-વિલેપાર્લા ટીમ |
| ગુરુવાર | (૨) | બોરીવલી ટીમ | વિરુદ્ધ | પ્રાર્થના સમાજ - વાલકેશ્વર ટીમ |
| તા. ૭-૨-૧૭ | (૧) | પ્રાર્થના સમાજ - વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | ગોરેગામ ટીમ |
| મંગળવાર | (૨) | મરીનડ્રાઈવ ટીમ | વિરુદ્ધ | અંધેરી-વિલેપાર્લા ટીમ |
| તા. ૯-૨-૧૭ | (૧) | બોરીવલી ટીમ | વિરુદ્ધ | અંધેરી-વિલેપાર્લા ટીમ |
| ગુરુવાર | (૨) | મરીનડ્રાઈવ ટીમ | વિરુદ્ધ | ગોરેગામ ટીમ |
| તા. ૧૪-૨-૧૭ | (૧) | મરીનડ્રાઈવ ટીમ | વિરુદ્ધ | પ્રાર્થના સમાજ - વાલકેશ્વર ટીમ |
| મંગળવાર | (૨) | ગોરેગામ ટીમ | વિરુદ્ધ | બોરીવલી ટીમ |

### ૪૫ વર્ષથી વધુ વયના મુરબ્બીઓની ક્રિકેટ મેચ

**રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ • સમય : સવારે ૯ થી ૪ • સ્થળ : ગોરેગામ સ્પોર્ટસ ક્લબ, ગોરેગામ.**

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચ નીચેની વિગતે યોજાયેલ છે તેમાં ભાગ લેનાર ઈચ્છુક સભ્યોએ પોતાનું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, મોબાઈલ, રહેઠાણ વિસ્તારનું નામ લખી **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડિપોઝીટ** ભરી મંડળના મરીન ડ્રાઈવ, ગોરેગામ અથવા બોરીવલી ખાતેના કાર્યાલયમાં **તા. ૧૪-૨-૨૦૧૭ સુધી** નોંધાવી જવા વિનંતી છે.

# સમાજના Family Medical Card ધારકો માટે સુવિધા

**શ્રી પાટણ જૈન મંડળની મેડીકલ સમિતી દ્વારા બનાવડાવામાં આવેલ ફેમીલી મેડીકલ કાર્ડ કેટલાક કુટુંબોને મળ્યા ન હતા તથા કેટલાકના નામમાં ફેરફારની આવશ્યકતા હતી એવા સભ્યોએ મંડળમાં અરજી કરી હતી તે સૌ સભ્યોને જણાવવાનું કે તમારા કુટુંબના મેડીકલ કાર્ડ મંડળની ઓફીસમાંથી મેળવી લેશો. અરજી કર્યા મુજબના સુધારા સાથેના કાર્ડ આવી ગયા છે.**

**અમને જણાવતા આનંદ થાયછે કે આપણા સમાજના સભ્યો હવેથી Healthcare Medical centre & Diagnostics સાથે વાટાઘાટ થયા મુજબ તેના નીચે જણાવેલ ૪ સેન્ટરોમાં જુદા જુદા ઈનવેસ્ટીગેશનો ઉપર ૧૦ થી ૨૦ ટકા મુજબ ડીસ્કાઉન્ટ મેળવી શકશે.**

1) **Borivali (W):**Yogi Avenue Bldg, 1st floor, Near Corporation Bank. Yogi Nagar.Tel No- 28996565
2) **Kandivali (W)** :Mahavir Suryadarshan Soc, Satya Nagar Rd, Mahavir Nagar.Tel No- 28687808
3)**Dahisar (W):** Nilangi apt, 1 st floor, above Hotel Majesty, Kanderpada, Tel No- 28933427
4) **Gorai :**Victory Heights Bldg, Opp Suvidya School. Gorai Main Rd. Borivali(W) Tel No- 65226556

**આ ઉપરાંત અગાઉ જણાવ્યા મુજબ નીચે જણાવેલ હોસ્પીટલ તેમજ Laboratory માં પણ કાર્ડ ધારોકોને ડીસ્કાઉન્ટ મળશે.**

1. **WOCKHARDT HOSPITALS LTD. Mumbai Central,** Mumbai-400011 Tel: (+91-22) 61784274
2. **BHIDE LABORATORY SERVICES Thakurdwar,** Mumbai - 400004 Tel:022 6138 1600.
3. **METROPOLIS HEALTHCARE LTD.** Centres - All Over Mumbai.
4. **NIRMAN HITECH DIAGNOSTIC CENTER Kandivali (W):** Tel. : 28015482/85/87/88, 8879559900
   **Malad (E) :** Tel. : 28445600, 28445610, 28445611 **Malad (W) :** Tel. : 28081815 / 28643903
   **Borivali (W):** Tel. : 29679200, 29679300, 29679600 / 9920559900
5. **MANVI HEALTH Ghatkopar West**, Tel - 25004911 / 25002557 / 9820979287,

❑ મેડીકલ સમિતિ

## B.E.S.T ની મનમાની સામે ન્યાયાલયની લગામ

**B.E.S.T** ના સર્વે વીજ ગ્રાહકો પાસેથી ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટ લોડ રીકવરી **TDLR**, ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જીસ **FAC**, ટાઈમ ઓફ ધી ડે **TOD** ઈત્યાદી ટાઈટલ હેઠળ છેલ્લા ઘણા વર્ષેથી લાઈટ બીલમાં રકમ વસુલ કરાતી હતી, તેના વિરોધમાં કરાયેલ કેસમાં સિવીલ અપીલ ન. ૧૦૪૮૮-૨૦૧૪ તથા એસ.એલ.પી (સી)૧૨૨૦૯/૧૨૨૧૧-૨૦૧૬ના તા. ૫-૧૦-૨૦૧૬ના સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદા મુજબ સને ૨૦૧૬-૧૭થી **B.E.S.T** દ્વારા **TDLR** ની લેવાતી રકમ સામે મનાઈ હુકમ ફરમાવવામા આવેલ છે. **TDLR** બંધ થવાની સાથે શાથે તેના પર ૧૬ ટકા ઘર વપરાશ અને ૨ ટકા કોર્મશીયલ વ્યાજ પણ બંધ થયેલ છે.

અત્યાર સુધી ગેરકાયદેસર રીતે **TDLR** હેઠળ કરોડો રૂપિયા વસુલ કરવામા આવેલ છે, તે રકમ ક્રમશઃ ગ્રાહકોને પરત કરવાની સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવેલ છે. તેને ટેકો આપવાની આપણ સૌની ફરજ બની રહે છે.

**B.E.S.T** એ વસુલ કરેલ **TDLR** હેઠળની રકમ પરત મેળવવા માટે દરેક વિજ ગ્રહાકોને એક અરજી, પુરૂ નામ, કનઝ્યુમર ન., સપ્ટેમ્બર પહેલાના પૈસા ભરાયેલ કોઈપણ લાઈટ બીલની ઝેરોક્ષ સાથે **To, The Hon'ble Chief Justice of India, Supreme Court of India, New Delhi-110001** ખાતે રજીસ્ટર્ડ પોસ્ટ કે કુરીયર મારફત વહેલી તકે મોકલાવી આપશો.

અરજી નો નમુનો **http://patanmandal.org/uploads/news/pdfs/refund-of-tdlr-11.pdf** ખાતે મુકવામાં આવેલ છે જે ડાઉનલોડ કરશો.

પ્રજાના કરોડો રૂપિયા પરત મેળવવાની આ લડતમાં નિસ્વાર્થ ભાવે ભાગ લેનાર સૌ સંગઠનો અને કાર્યકરો ધન્યવાદને પાત્ર છે.

### ભૂલ સુધાર

પાટણ પ્રતિબિંબ સાહિત્ય પારિતોષીક **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાળા)**ના નામથી દર વર્ષે આપવામાં આવે છે, ડીસેમ્બર માસમાં તેમના નામનો શરતચૂકથી ઉલ્લેખ રહી ગયેલ તો સુધારીને વાંચવા વિનંતી

### શુભવિવાહ

❋ સંવત ૨૦૭૩ કારતક વદ શનિવાર તા. ૨૬-૧૧-૨૦૧૬ના
શ્રી સુનિલભાઈ કીર્તિલાલ શાહના સુપુત્ર **ચિ. ભાવિક** (કેશુશેઠનો પાડો)
શ્રી સંજયભાઈ મધુકાંતભાઈ મહેતાની સુપુત્રી **ચિ. ધનશ્રી** (દ્વારકા)
શ્રી મહેન્દ્રભાઈ મંગળદાસ શાહના સુપુત્ર **ચિ. હિતેશ** (ચોધરીની શેરી)
શ્રી વિનોદભાઈ પ્રભુદાસ કોઠારીની સુપુત્રી **ચિ. મોનાલી** (સોનગઢ)
❋ સંવત ૨૦૭૩ મહા સુદ - ૧૦, સોમવાર તા. ૨-૧-૨૦૧૭
શ્રી અક્ષયભાઈ જગમોહનદાસ શાહના સુપુત્ર **ચિ. અક્ષિલ** (-)
શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહની સુપુત્રી **ચિ. કરિશ્મા** (ચિતારાની ખડકી)

# અતિથિગૃહ નૂતનીકરણ દાતાશ્રીઓનું અભિવાદન



દાતાઓના ફોટાઓનું અનાવરણ કરતા પ્રમુખશ્રી



કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા મુખ્ય હોદ્દેદારો

પાટણની ઐતિહાસિક ભવ્યતા અને ધાર્મિક ભાવનાથી પધારતા જૈનોને રહેવા ઉતરવા માટે પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ, સમાજના પરિવારોને સગવડતાઓ મળી રહે એ માટે પાટણના મારફતિયા મહેતાના પાડાના **શેઠ શ્રી પ્રમોદકુમાર કેશવલાલ શાહના** સ્મરણાર્થે **સદ્‌ગતશ્રી કેશવલાલ જેશંગલાલ શાહના** કુટુંબીજનોની પ્રેરણાદાયી ભાવનાથી અને વખારના પાડાના **સદ્‌ગત શ્રીમતી મણીબેન ખીમચંદ નાગરદાસ** ધર્મશાળાની ભેટ મળેલ પ્રોપર્ટી પર સમાજના દાતાઓની ઉદાર સખાવત અને સહકારથી, શ્રી પાટણ જૈન મંડળે પીપળાશેરમાં **અદ્યતન અતિથિગૃહનું ૧૯ સેલ્ફ કંટેન્ટ બ્લોકની સગવડતા સાથે નિર્માણ કરેલ.** જેને ૩૫ વર્ષ જેટલો સમય થતાં અત્યારની બદલાતી જતી જીવનશૈલી અને રહેણીકરણી મુજબ વધુ સગવડતાઓ અને સુવિધાઓની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ અતિથિગૃહ નૂતનીકરણ યોજના હાથ ધરાયેલ.

નૂતનીકરણ અંગેના વિશાળ ખર્ચને પહોંચી વળવા સંસ્થા તરફથી કરવામાં આવેલ વિજ્ઞપ્તિને સમાજના દાતાઓ નો ઉત્કૃષ્ટ પ્રતિસાદ સાંપડતાં અદ્યતન સગવડતાઓ સાથેનું આરામદાયક, ગ્રાઉન્ડ ફ્લોર થી ત્રીજા માળ પર્યન્તના દરેક બ્લોકમાં **ટેલીવીઝન, ગીઝર તથા ફર્નીચર, વોટરકુલર, ઈંગ્લીશ ટોયલેટ, બાથરૂમ વિગેરે CCTV કેમેરા સહીતની અદ્યતન સુવિધાઓ સાથેનું અતિથિગૃહ સંપૂર્ણ સજ્જ થઈ ગયેલ છે. આ ઉપરાંત કેટલાક બ્લોકોમાં એરકંડીશનની પણ સગવડતા કરવામાં આવેલ છે. આધુનિક લિફ્ટ પણ બેસાડવામાં આવેલ છે.**

બ્લોકોના નૂતનીકરણ સાથે કાર્યાલય પણ નવેસરથી તૈયાર કરવામાં આવેલ છે. અતિથિગૃહ નૂતનીકરણમાં સહભાગી થનાર દાતાઓનું અભિવાદન કરવા અતિથિગૃહની અત્યાધુનિક ઓફિસનું ઉદ્‌ઘાટન અને દાતાઓના તૈલચિત્ર અનાવરણનો કાર્યક્રમ તા. ૧૭-૧૨-૨૦૧૬ દિને દાતાઓ તથા હોદ્દેદારોની હાજરીથી પૂર્ણ થયેલ.

અતિથિગૃહના નૂતનીકરણ માટે રૂા. ૧૦ લાખનું દાન આપનાર મુખ્યદાતા પાટણના કનાસાના પાડાના હાલ મુંબઈના રહીશ **શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ** તથા નીચે મુજબના ૧૯ જેટલા દાતાઓએ ઉદાર દાન આપ્યું છે.

શ્રીમતી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ (મલ્લાતનો પાડો)  
શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ મણીલાલ શાહ (ભાભાનો પાડો)  
શ્રીમતી કુસુમબેન પનાલાલ અંબાલાલ શાહ પરિવાર (ખેતરવસી-મહાદેવાજીની શેરી)  
શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ ચીમનલાલ શાહ પરિવાર (પોળની શેરી)  
શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)  
શ્રીમતી કુસુમબેન શાંતિલાલ પોપટલાલ શાહ (પોળની શેરી)  
શ્રી શરદભાઈ કુસુમચંદ્ર ડાહ્યાભાઈ શાહ(કેશુશેઠનો પાડો)  
શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)  
શ્રી નરેશભાઈ નવનીતલાલ મણીલાલ શાહ (ભાભાનો પાડો)  
શ્રીમતી જાસુદબેન શાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર(વખતજીની શેરી)  
શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)  
શ્રી દિપકભાઈ જેશીંગલાલ છોટાલાલ શાહ (મનમોહનજીની શેરી)  
શ્રી ધીરેનભાઈ તથા શ્રી નરેનભાઈ જયંતિલાલ ઝભલાવાળા (ખેતરવસી-મહાદેવાજીની શેરી)  
શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ મણિલાલ દેવડાવાળા (લીમડીનો પાડો)  
શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ નાગરદાસ શાહ (વખારનો પાડો)  
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ ભીખાચંદ શાહ (મલ્લાતનો પાડો)  
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ  
શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર (વખતજીની શેરી)

મુખ્ય દાતા શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો) તથા અન્ય દાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થતાં, મંડળે દાતા પરિવારના સર્વે સભ્યોનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવેલ. ❑ **શ્રી પાટણ જૈન મંડળ**



અતિથિગૃહ પ્રવેશદ્વાર



મુખ્યદાતા શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહના પરિવારજનો



અતિથિગૃહ નૂતન કાર્યાલય ખાતે ઉપસ્થિત હોદ્દેદારો



સમારંભમાં ઉપસ્થિત મહેમાનો - દાતાઓ

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ વાર્ષિકોત્સવ



મહેમાનો તથા હોદ્દેદારો દ્વારા દિપ પ્રાગટ્ય



સૌરભ મેગેઝિનનું વિમોચન,



ગુજરાત રાજ્યમાં પ્રથમ આવનાર રાહુલ મોદીનું સન્માન



રાષ્ટ્ર કક્ષાએ બ્રોન્ઝ મેડલ લાવનાર ટેનીસ સ્ટાર મેઘ પટેલનું સન્માન

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય તેમજ શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ દલપતચંદ શાહ સુરમ્ય પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ **''સ્પંદન ૨૦૧૬''**, ગત તા. ૧૮ ડિસેમ્બરના રોજ દબદબાપૂર્વક સંપન્ન થયો હતો.

પાટણ ખાતે ચાલતા આ વિદ્યાલયમાં લગભગ ૧૩૫૦ વિદ્યાર્થીઓ પોતાનું જીવન ઘડતર કરી રહ્યા છે. વર્તમાનમાં શૈક્ષણિક, સ્પોટર્સ તેમજ અન્યક્ષેત્રે કરેલા ઉત્કૃષ્ટ દેખાવથી પાટણની અગ્રીમ સ્કુલમાં તેની ગણના થાય છે. વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે થતાં સાંસ્કૃતિક પ્રોગ્રામના ઉપક્રમે સ્પંદન ૨૦૧૬ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું.

સમગ્ર શાળા પરિસર રંગોળી, દિવાઓ તથા રંગબેરંગી લાઈટના પ્રકાશથી ઝળહળતું હતું. ૩ વર્ષથી ૧૭ વર્ષની વયના વિદ્યાર્થીઓ દ્વારા સોલો-ગ્રૃપ ડાન્સ, ગરબો, ભાતીગળ નૃત્ય-નાટીકા તેમજ વર્તમાન આતંકી પ્રવૃત્તિને વાચા આપતી નાટીકા જેવા વિવિધ એકથી એક ચઢિયાતી એવી ૧૩ કૃતિઓ રજૂ કરાઈ હતી જેને ઉપસ્થિત ૧૦૦૦થી પણ વધુ પ્રેક્ષકોએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

રજૂ થયેલ સઘળી કૃતિના કલાકારોને ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ બિરદાવતા પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવેલ.

શાળા પરિસરમાં ઊભા કરાયેલા શામીયાણામાં આજના પ્રસંગે ગુજરાત રાજ્ય સંસદીય સચીવ **શ્રી રણછોડભાઈ દેસાઈ**, પૂર્વ રાજ્ય ગૃહમંત્રી **શ્રી રજનીભાઈ પટેલ**, પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ ઝવેરી, શ્રી દિપકભાઈ. માનદમંત્રી-એડ. શ્રી રાજેન્દ્રભાઈ, શ્રી અશ્વીનભાઈ, માનદ્‌મંત્રી ફાઈનાન્સ શ્રી શૈલેષભાઈ**, તથા હોદ્દેદારોશ્રી **નીખીલ રવિન્દ્રભાઈ**, સ્થાનિક સમિતિના **ડૉ. મંગળભાઈ, ડૉ. હેમેન્દ્રભાઈ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી વિક્રમભાઈ તથા મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી તથા જ્ઞાનેશભાઈ લાપસીયા**ની ઉપસ્થિતિ રહી હતી.

પ્રાસંગીક પ્રવચનમાં રણછોડભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓના વિકાસાર્થે સ્કુલ દ્વારા થતાં પ્રયાસોને બિરદાવવા સાથે સ્પોર્ટસ ક્ષેત્રે રાષ્ટ્રકક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવનાર વિદ્યાર્થી **શ્રી મેઘ ભાર્ગવ પટેલ** તથા ગુજરાત રાજ્યમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની **વૈશાલી પ્રહલાદભાઈ પ્રજાપતિ**, ઉચ્ચતર માધ્યમિક વિભાગ તથા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર **કું. પટેલ કીર્મી પંકજભાઈ, મોદી રાહુલ નૈષદભાઈ, કુ. હિરવાણીયા વિપાસા, મોદી મીત વિનોદભાઈ** ઈત્યાદિ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સ્કુલની પ્રવૃત્તિઓ તેમજ વિકાસનો ચિતાર આપતું મેગેઝીન **''સૌરભ''** પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

આ સાંસ્કૃતિક કાર્યક્રમ આચાર્ય શ્રી **ડૉ. બળદેવભાઈ દેસાઈ**, પ્રાથમિકના પ્રિન્સીપલ **શ્રી જે.બી. પટેલ**, સુપરવાઈઝર **શ્રી પી. આર. દેસાઈ** તથા સ્પંદનના કન્વીનર **શ્રીમતી પ્રજ્ઞાબેન પટેલ** ના માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ શિક્ષકગણની અથાગ મહેનતના કારણે સફળ નિવડ્યો હતો. ઉપસ્થિત હોદ્દેદારોએ મંચ પરથી સ્થાનિક સમિતિ તથા શિક્ષકો-કર્મચારીઓ ના સંયુક્ત પ્રયાસોથી થતી સ્કુલની પ્રગતીની પ્રશસા કરી તેઓને બિરદાવ્યા હતા.

કાર્યક્રમ બાદ સમગ્ર સ્કુલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણે સ્કુલ પટાંગણમાં સંગીતના તાલે દાંડિયારાસની રમઝટ માણી હતી. આ પ્રસંગે અલ્પાહારનું આયોજન પણ કરાયું હતું.

આજના દિવસે પૂર્વ પ્રમુખ **શ્રી જે.કે. શાહ**, સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી વી.પી. શાહ**, દાતા**શ્રી પંકજભાઈ**એ વિદ્યાલય સમિતિના માનદમંત્રી **શ્રી રાજુભાઈ** સાથે સ્કુલની શુભેચ્છા મુલાકાત લઈ આચાર્યશ્રી તથા શિક્ષકગણની મીટીંગને સંબોધી ઉપયોગી માર્ગદર્શન આપવા સાથે આજના પ્રસંગની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.





સ્પંદન ૨૦૧૬ના કાર્યક્રમની વિવિધ કૃતિઓ



ઉપસ્થિત મેદની



શ્રી વી. પી. શાહનું ટીચર્સોને સંબોધન

# શ્રી બી.ડી.એસ. વિદ્યાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન સમારોહ


દાતાશ્રીની પ્રતિમાસાથે મહાનુભવો


ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીગણ


મહાનુભાવોનું પ્રાસંગિક ઉદ્‌બોધન

ગત તા. ૧૮ ડિસેમ્બરના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહ મિલન સમારોહનું આયોજન સ્કુલના સેન્ટ્રલ હોલમાં થયું હતું.

મુંબઈ, સુરત, અમદાવાદ તેમજ પાટણથી છેલ્લા ૫૦ વર્ષથી અભ્યાસ કરેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી.

ઉપરોક્ત પ્રસંગે પ્રિન્સીપલ **ડૉ. બળદેવભાઈ**એ સર્વ મહેમાનોને આવકાર આપ્યો હતો. સર્વ પ્રથમ નવા હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. એસોશિએશનના નવા નિયુક્ત થયેલ પૂર્વ આચાર્ય **શ્રી ચીનુભાઈ**એ એસોશિયેશનની કાર્યવાહી તથા ભવિષ્યની યોજનાઓ વિશે સર્વને માહિતી આપી હતી.

આ પ્રસંગે અમદાવાદથી હાજર રહેલ પૂર્વ વિદ્યાર્થી **શ્રી પ્રિયવદનભાઈ શાહે** અંતરાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝમેડલ મેળવનાર ટેનીશ ખેલાડી વિદ્યાર્થી **શ્રી મેઘ પટેલની આગળની ટ્રેનીંગ માટે રૂા. ૧ લાખ ૧૧ હજારની રકમની સખાવત** તેમજ ઉપપ્રમુખ **શ્રી યશવંતભાઈ ઝવેરી પરિવાર** દ્વારા વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો અપાયા હતા. આ ઉપરાંત રૂા. ૧.૫૦ લાખ જેટલી રકમનું ફંડ એકઠુ કરાયું હતું. પૂર્વ પ્રમુખ **ડૉ. રાજેન્દ્રભાઈ** તથા મંત્રી**શ્રી ભૂપેન્દ્રભાઈ**એ આપેલ સેવાઓને અત્રે બિરદાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ સ્કુલના વિકાસ માટે પરસ્પર ચર્ચા વિચારણાઓ કરી હતી. વધુ સભ્યો બનાવવા માટે જુદા જુદા સ્થળે રંગારંગ કાર્યક્રમના આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ તથા આ સંગઠનની મજબુતી માટે પ્રતિબદ્ધ બન્યા હતા.



આચાર્ય શ્રી બળદેવભાઇ દ્વારા સંબોધન

## પાટણનું ગૌરવ


ચિ. પ્રિષા ચિ. વામા

વર્લ્ડ માર્શલ આર્ટસ કાઉન્સિલ ગેમ્સ ૨૦૧૬નું આયોજન આ વર્ષે ૧૫ ડિસેમ્બરે દિલ્હીમાં થયું હતું. આ સ્પર્ધામાં મુંબઈની ઉત્પલ સંઘવી ગ્લોબલ સ્કુલ તરફથી ભાગ લેનાર ધોરણ પાંચમાં અભ્યાસ કરતી **ચિ. વામા ઝવેરી** (ઉં. ૧૦)**એ કુમિતેમાં ૧, કાથામાં ૧ અને લાઠીમા ૧ એમ ત્રણ રજત ચંદ્રક પ્રાપ્ત કરેલ તેમજ ચિ. પ્રિષા** (ઉં. ૧૩) ધોરણ આઠમાં અભ્યાસ કરી **એક રજત ચંદ્રક કુમિતેમાં પ્રાપ્ત કરેલ છે.** મૂળ પાટણ ખેજડાના પાડાના હાલ મુંબઈ શાંતાક્રુઝમાં વસતા બેલા બહેન અનુજભાઈ પ્રફુલ્લભાઈ ઝવેરીની સુપુત્રીઓએ અંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ચંદ્રકો પ્રાપ્ત કરી એમના કુટુંબની સાથે સંસ્થાનું અને સ્કુલનું નામ રોશન કર્યું છે. બંન્ને બહેનોએ મેળવેલ વિશેષ સિધ્ધી બદલ અભિનંદન.



ખડાખોટડીના પાડાના શ્રીમતી કૃપાલીબેન તથા શ્રી રાહુલ અનીલભાઈ શાહ હાલ નેપીયન્સી રોડ ના પુત્ર **ચિ. દેવ** (ઉં. ૧૦) (ભૂતપૂર્વ વિશ્વ સ્કુલ ચેસ ચેમ્પીયન)ને વિશ્વ બાળદિનના અવસરે **રાષ્ટ્રપતિ પ્રવણ મુખરજી દ્વારા નેશનલ ચાઈલ્ડ એવોર્ડ ફોર એક્ષેપ્શનલ એચીવમેન્ટ ઈન ચેસ માટે** એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ છે. **ચિ. દેવ** તાજેતરમાં નાગપુર ખાતે યોજાયેલ નેશનલ સ્કુલ ચેસ ચેમ્પીયનશીપમાં અન્ડર-૧૧ કેટેગરીમાં ૧૧માંથી ૭૫ પોઈંટ મેળવી બીજા ક્રમાંકે વિજેતા થતા સિલ્વર મેડલ મેળવેલ છે. આ સ્પર્ધામાં જુદા જુદા રાજ્યોના આશરે ૮૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર દેવે સંસ્થા, સમાજ તથા પરિવારના નામ દિપાવી ગૌરવ અપાવેલ છે તે બદલ અભિનંદન.

## પાટણનું ગૌરવ



ચિ. સરગમ

તા.૧૮-૧૨-૨૦૧૬ના માથેરાન મુકામે ૨૧ કી.મી.ની અટપટા ચઢાણો ચઢવાની હીલ મેરેથોન-માથેરાન ૨૦૧૬ સ્પર્ધા યોજાયેલ, પહાડોની જાળવણીના ઉદ્દેશ અર્થે યોજાતી આ સ્પર્ધાના મહિલા વિભાગમાં મુંબઈ-પંજાબ,દિલ્હી-ગુજરાત-બેંગલોર વિગેરે સ્થળોએથી અનેક સ્પર્ધકોએ ભાગ લીધો હતો.નક્કી કરવામાં આવેલ સમય મર્યાદામાં આ સ્પર્ધાનું ૨૧ કી. મીટરનું અંતર પૂરૂ કરવાનું કપરૂ કાર્ય આપણા સમાજના ઢંક મહેતાના પાડાના હાલ-મુલુન્ડમાં રહેતા શ્રીમતી પ્રીતીબેન તથા શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહની સુપુત્રી **ચિ. સરગમે** સફળતાથી પૂર્ણ કરી પ્રથમ ક્રમાંકે યશસ્વી થઈ હતી.

તેમજ તા. ૧૫-૧-૨૦૧૭ના મુંબઈમાં યોજાયેલ મેરેથોનમાં પણ **ચિ. સરગમે** સફળતાથી ૪૨ કી. મી. ની મેરેથોન પૂરી કરી મેડલ પ્રાપ્ત કર્યો હતો. રમત ગમત ક્ષેત્રે ચિ. સરગમે ઝળહળતી સફળતાઓ પ્રાપ્ત કરી સમાજ તેમજ પરિવારને ગૌરવ અપાવે છે તે બદલ અભિનંદન..!

# અનુમોદના



શ્રી બાબુભાઈ કાળીદાસ શાહ



શ્રીમતી શારદાબેન બાબુભાઈ

**શ્રી બાબુભાઈ કાળીદાસ શાહ (કનાસાનો પાડો - વાલકેશ્વર) ના ધર્મ પત્નિ શ્રીમતી શારદાબેન,** શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજીક ઉત્કર્ષના અનેક આયોજન દ્વારા કુટુંબોને પરસ્પર નિકટ લાવવાના પ્રત્યેક પ્રયાસ માટે આદરની લાગણી ધરાવતા હતા. તેમના સંવેદન અને લાગણીશિલ હૈયાના પરિણામે સમાજના કોઈપણ સાધર્મિક પૈસાના અભાવે કઠિનાઈઓ ભોગવતો હોય તેને હંમેશ મદદ રૂપ થતા હતા તેનાજ એક ભાગરૂપે વૈધકિય ક્ષેત્રે મેડિક્લેઈમ જવી અતિ આવશ્યક પોલીસીના ખર્ચાઓમાં સમાજના પરિવારજનોને રાહત આપી શકાય તેવા **સાધર્મિક વાત્સલ્યભાવ સાથે શ્રી પાટણ જૈન મંડળની નૂતન ''ફેમિલી ફ્લોટર મેડિક્લેઈમ પોલીસી પ્રીમીયમ વળતર યોજના'' સાકાર કરવા રૂા. ૫૧ લાખની માતબર સખાવત તેમના વિલ મુજબ તેમના પરિવારજનો દ્વારા સંસ્થાને સમર્પિત થયેલ છે.** આ યોજના મુજબ સમાજના સઘળા કુટુંબોને મેડિક્લેઈમ પોલીસી લેવા માટેની એક ઉત્તમ સગવડતા ઉપલબ્ધ થશે. તેઓશ્રીનું આર્થિક યોગદાન સમાજના અનેક કુટુંબોને શાતા બક્ષશે.

મેડીકલ ક્ષેત્રે દિન પ્રતિદિન વધતા જતાં ખર્ચાઓમાં તેમજ અચાનક આવનાર મોટા ખર્ચાઓમાં મેડીક્લેઈમ પોલીસી આર્શીવાદરૂપ બની રહે છે. આથીજ મંડળે તેની આવશ્યકતા અને જરૂરિયાતને ધ્યાનમાં લઈ સમાજના કુટુંબોને સહાયક થવાની દિશામાં નૂતન યોજના સ્વીકારેલ છે, તેના અનુસંધાનમાં જરૂરિયાતવાળા કુટુંબને મેડિક્લેઈમ પોલીસી પ્રિમિયમની ભરેલી રકમમાં નિયમાનુસાર સહાય આપશે.

આજના મોઘવારીના સમયમાં સમાજના દરેક કુટુંબે મેડિક્લેઈમ પોલીસી ઉતરાવવી ખૂબજ જરૂરી છે.

ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ યોજના અન્વયે પોલીસી ધારક તેના ક્લેઈમની રકમ વર્ષ દરમિયાન વખતો-વખત કંપની પાસેથી મેળવી શકે છે. ક્લેઈમની કુલ રકમનો લાભ પોલીસી ધારક દરેક સભ્યને મળી શકે છે. આ પોલીસીની અન્ય વિશેષતા એવી છે કે, પર્સનલ પોલીસી હોલ્ડરના પ્રીમીયમ કરતા ફ્લોટર પોલીસી પ્રીમીયમની રકમ ઘણીજ ઓછી હોય છે.

દાતા પરિવાર દ્વારા અતિથિગૃહ નૂતનીકરણ (૨૦૧૪)ના મુખ્ય દાતા તરીકે રૂા. ૧૦ લાખની ઉદાર સખાવત પણ પ્રાપ્ત થયેલ છે.

શ્રીમતી શારદાબેન અને શ્રી બાબુભાઈનું જીવન સાદગી અને કરકસરયુક્ત રહેલ. ધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધાને પરિણામે ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉપસ્થિત રહી નાનામોટા સદકાર્યો કરતા.

''મંડળ તમારું વારસદાર''ની સંસ્થાની યોજનાની ઉચ્ચ ભાવનાને સ્વીકારી માતૃસંસ્થાને વધુમાં વધુ રકમ સમર્પિત કરવાના ઉદ્દેશ તેમજ પોતાની સંપત્તિ સમાજના જરૂરિયાતમંદ પરિવારોને ઉપયોગી થાય તેવા આદર્શ ધરાવનાર દાતાશ્રીની ભૂરી ભૂરી અનુમોદના.

શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહના કુટુંબીજનોએ સંસ્થા પ્રત્યે જે ઉદારતા દાખવેલ છે તે સમાજ માટે ઉદાહરણીય બની રહેશે. તે બદલ સદ્ગતના સઘળા કુટુંબીજનો પ્રત્યે આદર સાથે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

## સંવેદના.... સ્મારકોની !!

**છત્રપતિ શિવાજી મહારાજના સ્મારકના ભૂમિપૂજન - જળપૂજન પ્રસંગે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગત્ ૨૪મી ડિસેમ્બરે મુંબઈ પધારેલ... !** સહુને વિદિત છે તેમ અરબી સમુદ્રમાં ૧૯૨ મીટર ઊંચી શિવાજીની પ્રતિમા રૂા. ૩૬૦૦ કરોડનાં ખર્ચે સ્થાપિત થવાની છે. આ સ્થળે એકી સાથે દસ હજાર લોકો એમ્ફિ થિયેટર, મંદિર, ફૂડ કોર્ટ, લાઈબ્રેરી, એક્વેરિયમ આદિ નિહાળી શકશે. પહેલી નજરે તો આ પગલું વિદેશી હુંડિયામણ કમાવાનું સુલભ સાધન જ માની શકાય અથવા તો અમેરિકાની **'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી'ની** પ્રતિમાને ઝાંખી પાડે તેવું પગલું પણ માની શકાય. ભવિષ્યમાં કદાચ ગિનેસ બુક ઓફ રેકોર્ડ્સમાં વિશ્વકીર્તિમાન મેળવવાની હોડમાં આવી શકે જે ભારતદેશ માટે ગૌરવપ્રદ વિરલ ઘટના હશે, આ વેળાએ બીજો પણ એક સહજ વિચાર આવેલ કે શું મુંબઈને આવા કોઈ પ્રવાસી આકર્ષણ સ્થળની જરૂર છે ખરી? એનાં કરતાં આ રકમને ભારતનાં આર્થિક વિકાસ ક્ષેત્રોમાં વાપરેલ હોત તો ? આ કરોડો રૂપિયા મુંબઈ / ભારતનાં ગરીબોના ઉત્થાન કાર્યોમાં વ્યય કરેલ હોત તો ?

ભારત દેશ-વિદેશના સહેલાણીઓ માટેનું પ્રિય પ્રવાસી સ્થળ છે, જ્યાં તાજમહેલ, મૈસુર પેલેસ, હવા મહેલ, ગોવાનો સમુદ્ર તટ, અક્ષરધામ, આબુ દેલવાડાના જિનાલયો, અજંટા - ઈલોરાની ગુફાઓ ઈત્યાદિ મનોરમ્ય સ્થાપત્યો, સદાય વિશેષ આકર્ષણના કેન્દ્રો છે. જ્યારે મોહમયી મુંબઈ માટે કહેવાય છે કે, City That Never Sleeps.. પરંતુ તેની અન્ય પણ અનેક વિશેષતાઓ છે. આ મહાનગર સમગ્ર ભારતની સમૃદ્ધ પરંપરાનો વારસો સાચવતું શહેર છે. દુનિયાભરથી લોકો અહીં આવીને વસે છે પોતાની આજીવિકા અર્થે... ! જે ખાસ બાબત મુંબઈને અનોખું પાડે છે તે અહીંના ઐતિહાસિક મહત્વ ધરાવતાં સ્મારકો..! પ્રત્યેક સ્મારક, પ્રત્યેક પ્રતિમાની કાંઈક પોતાની વાયકા છે તે તે કાળની.. જે ગર્વથી પ્રસ્તુત કરવા તેઓ મથી રહ્યા છે.

મુંબઈના વિવિધ સ્થળો પર સ્થાપિત કેટલાંક સ્મારકો અંદરોઅંદર ચર્ચા અને ચિંતન કરવા લાગ્યા, તો ચાલો તેમની સંવેદના તેમના જ સંવાદો થકી સમજીએ, જાણીએ દરેકનો પોતાનો એક આગવો દ્રષ્ટિકોણ...!

**રાણીબાગ, ભાયખલા ખાતેની જીજામાતા તથા શિવાજી મહારાજની પ્રતિમા :-**

''લો, ફરી એકનો ઉમેરો થયો આપણામાં....! જન્મતિથિ કે મૃત્યુતિથિ સિવાય આપણને નજરભર પણ કોણ જુવે છે? લગોલગ પસાર થવા છતાં કેટલાં લોકો ધ્યાનથી નિહાળતાં હશે કે આપણે આરસપહાણમાંથી બનેલ છીએ કે પછી પત્થર, સ્ટીલ કે કાંસામાંથી કંડારાયેલ છીએ..!''

**કેમ્પ્સકોર્નર ખાતેની શ્રી જમશેદજી જીજીભોયની પ્રતિમા :-**

''આ મુંબઈ શહેરની હજારોની મેદનીમાંથી કેટલા માનવીઓને જાણ સુદ્ધા હશે કે કંઈ પ્રતિભાની પ્રતિમાં કયા વિસ્તારમાં, કયા માર્ગ/ ચોક પર સ્થાપિત છે.''

**દાદર ખાતેની સેનાપતિ બાપટની પ્રતિમા :-**

''કેટલું બધું છે આ મુંબઈ 'સ્વપ્નનગરી'નાં વિશે સ્વપ્નો જોવા માટે... તેને માણવા માટે... ભારતનાં ઉજ્જવળ ભાવિની ઝંખના માટે... પરંતુ જો આપણે સપનાં જ નહીં જોઈએ, તો સાકાર કઈ રીતે થશે ? માટે ચાલો, સહુ પોતપોતાના શમણાંઓને શબ્દદેહ આપીએ.''

**પાર્લામેન્ટ હાઉસ, નરીમાન પોઈન્ટ ખાતેની રાષ્ટ્રપિતા ગાંધીજીની પ્રતિમા :-**

''આઝાદીના આંદોલનથી લોકો સમક્ષ વારંવાર કહું છું કે શ્રમના સમ્માન કર્યા વિના સાચા અર્થમાં આઝાદી નહીં મળે. મારું સપનું તો એ છે કે ભારતનાં પ્રત્યેક શહેરોમાં પર્યાપ્ત સંખ્યામાં નોકરી - વ્યવસાય અંગેની તમામ તકો ઉપલબ્ધ હોય. આમ થવાથી મહાનગરો તરફ થતો લોકોનો ધસારો ઘટી શકશે અને પ્રત્યેક વ્યક્તિ તેનાં જ શહેરમાં રહીને પસંદગીનાં ક્ષેત્રમાં આજીવિકા રળી શકશે.''

**ગેટ વે ઓફ ઈંડિયા સ્મારક ખાતેની શ્રી લાલ બહાદુર શાસ્ત્રીની પ્રતિમા :-**

''જય જવાન, જય કિસાન'' સૂત્રનાં ન્યાયે મારો ઢળાવ છે ગામો પ્રત્યે... તેનાં ખેડૂતો પ્રત્યે...! ભાવિ ભારતના ગામોમાં સિંચનની સુવિધા હોય જેથી ખેડૂતોને વર્ષાની અનિશ્ચિતતા અને કરજના ભારણ હેઠળ આત્મહત્યા કરવાનો વારો ના આવે.''

**એ જ સ્મારક ખાતેની શ્રી વિવેકાનંદજીની પ્રતિમા :-**

''મારું એવું સપનું છે કે સમગ્ર ભારતમાં શિક્ષણ સહુથી અગત્યનું છે. માટે મહત્તમ સંખ્યામાં શાળાઓ - કૉલેજો શરૂ કરવા જોઈએ. સારા કેળવણીકાર નીમવા જોઈએ, જેથી સઘળા માતાપિતાને તેમનાં સંતાનોને વિદ્યાલયોમાં મોકલવા માટે પ્રોત્સાહન મળી શકે.''

**ઓવલ મેદાન ખાતેની શ્રી બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા :-**

''મારું ભાવિ ભારત તો એવું હોય કે જ્યાં લોકો નિતી - નિયમોને અનુસરતાં હોય, ફરજ અને કર્તવ્યોને માન આપતાં હોય, વધુ અનુશાસનપ્રિય તેમજ એકમેકની કાળજી કરતાં હોય... તો જ સર્વ નાગરિકો સમાનરૂપે આઝાદી અને સમૃદ્ધિનું સુખ માણી શકશે.''

**એ જ સ્મારક ખાતેની જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેની પ્રતિમા :-**

''મારો ભારત દેશ તો એવો હોય કે જ્યાં એક પણ આતંકવાદી પ્રવેશ સુદ્ધા ના કરી શકે. ભારતની રક્ષા કાજે પ્રત્યેક રહેવાસી પ્રાણના બલિદાન આપતા ગર્વ અનુભવે.''

**ચર્ચગેટ ખાતેની સર ડિનશો એડલજી વાચ્છાની પ્રતિમા :-**

''સોનેરી ભારતમાં કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપી વિકસિત કરીને કેટલાંય લોકોને રોજગારની તકો આપી શકાય.''

**હુતાત્મા ચોક સ્મારક ખાતેની 'ગ્રાંડ ઓલ્ડ મેન ઓફ ઈન્ડિયા' તરીકે**

**પ્રસિદ્ધ શ્રી દાદાભાઈ નવરોજીની પ્રતિમા :-**

''મારી કલ્પનાનું ભારત કે જ્યાં અસમાનતા, ગરીબી, સામાજિક અન્યાય, નિરક્ષરતા, જાતિભેદ, ભ્રષ્ટાચાર ના હોય અને જ્યાં લોકોનું જીવનધોરણ ઉચ્ચ કોટિનું હોય.''

**એ જ સ્મારક ખાતેની 'ફાધર ઓફ ઈન્ડિયા ઈંડસ્ટ્રી' તરીકે પ્રસિદ્ધ શ્રી જમશેદજી ટાટાની પ્રતિમા :-**

''મારા સ્વપ્ન ભારતમાં તો એટલી બધી ઊર્જા ઉત્પન્ન થવી જોઈએ કે કોઈપણ વિસ્તાર ક્ષેત્રોને વિજળીકાપ સહન ના કરવો પડે. વિદ્યુત પ્રવાહ અવિરત - અખંડપણે સાંપડે કે જેથી લોકો આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરીને જીવનને સારી ગુણવત્તાવાળુ અને સુલભ બનાવી શકે.

**બીએમસી બિલ્ડીંગ, વી.ટી. સ્ટેશન ખાતેની 'ધ લાયન ઓફ મુંબઈ' તરીકે પ્રસિદ્ધ શ્રી ફિરોજશા મહેતાની પ્રતિમા :-**

''ભાવિ ભારતમાં નારી શક્તિને ઓળખીને તેને સમ્માન આપવાની જરૂર છે. તેમને શિક્ષણ કાર્ય અને વિકાસ કરવા માટે સમાન અધિકાર મળવા જોઈએ. સઘળી સ્ત્રીઓ નિર્ભય બનીને સર્વ શહેરોમાં મુક્તપણે આવાગમન કરી શકે.''

**વરલી સી-ફેસ ખાતેની આર.કે. લક્ષ્મણ પ્રેરિત 'કોમન મેન'ની પ્રતિમા :-**

''સર્વ સામાન્ય લોકો દરમ્યાન આપણી સંસ્કૃતિ અને વારસા પ્રતિ જાગૃતતા લાવવી જોઈએ જેથી તેમને પોતાના ભારતીય હોવા પ્રત્યે ગૌરવ અનુભવાય''

બાંદરા બેન્ડસ્ટેન્ડ ખાતેની 'વોક ઓફ ધ સ્ટાર્સ' ગલી જ્યાં ૧૦૦ પિત્તળની તક્તીઓ છે જેમાં કેટલીયે પ્રસિદ્ધ વ્યક્તિઓના હાથોની છાપ તથા હસ્તાક્ષર આલેખાયેલ છે તથા રાજ કપૂર - યશ ચોપરા આદિ છ અભિનેતા - નિર્માતાઓની પ્રતિમાઓ જાણે કહી રહી છે કે, ''સ્વયંસેવી સંસ્થાઓ અને મનોરંજનના માધ્યમ થકી ભ્રષ્ટાચાર મુક્ત સમાજ પર ભાર મુકવો જોઈએ.''

**ઓશિવરા, અંધેરી ખાતેની બાણવીર અર્જુનની પ્રતિમા :-**

''મને તો તંદુરસ્તીની ચિંતા અધિક છે. ભારતમાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સફાઈ વ્યવસ્થા, પીવાલાયક શુદ્ધ પાણી અને સુવ્યવસ્થિત સ્વાસ્થ્યની સુવિધાઓ સાંપડી શકે અને શ્રી નરેન્દ્ર મોદીજીનું 'સ્વચ્છ ભારત' અભિયાન સફળતાને વરે.''

અત્રે યાદ કરાવવું ઘટે કે, વડોદરા, ગુજરાતમાં શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપણા લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી 'સ્ટેટ્યુ ઓફ યુનિટી'ના પ્રતિક રૂપી પ્રતિમાનું ભૂમિપૂજન તા. ૩૧-૧૦-૨૦૧૪ના થયેલ તેમનો સાદ પણ આપણને શક્તિશાળી સહનશીલ બનીને હળીમળીને એકત્રિત રહેવા તરફ ઈશારો કરી રહી હશે.

આ તો થઈ મુંબઈના સ્મારકોની સંવેદના... પણ અન્ય શહેરોમાં સ્થાપિત શ્રી લોકમાન્ય ટિળક, શહીદ ભગતસિંહ, કવિવર રવિન્દ્રનાથ ટાગોર, સ્વામી દયાનંદ સરસ્વતી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ આદિના સ્મારકો પણ આપણને કાંઈક ને કાંઈક કહી રહ્યાં છે, જે જરા ધ્યાનપૂર્વક સાંભળશું તો ચોક્કસ સમજાશે **કે પ્રતિમા પાષાણની હોય કે રેતમાં કંડારાયેલ હોય તેનો આશય એકમાત્ર હોય છે - સ્મૃતિ જાળવવાનો.. જે ખરેખર તો પ્રત્યેક દેશવાસીઓનાં હૃદયમાં હોવો જોઈએ, નહીં કે કેવળ જાહેર સ્થળો, ચોગાનો કે ચોકમાં...**

આપણા દેશની આઝાદી અને ઉત્થાનાર્થે પ્રાણ શુદ્ધા ન્યોછાવર કરનાર આ મહાન વીર વિભૂતિઓનાં ત્યાગ અને બલિદાનને યાદ કરીને તેમને હૃદય શુદ્ધ શ્રદ્ધાંજલિ સ્વરૂપે તેમની **આ તમામ સંવેદનાઓનો સાદ સુણીને તેમના સપનાઓને કાંઈક અંશે પણ સાક્ષર કરવાનો પ્રમાણિક પ્રયત્ન થાય તો ભારત દેશ સુખી - સંપન્ન, શિક્ષિત, કર્મનિષ્ઠ અને આત્મનિર્ભર બનીને સમગ્ર વિશ્વમાં ઝળહળી ઊઠે અને એ જ એમનાં સ્મારકોનું સાચુ સન્માન હશે.**

❑ ઊર્વી ઝવેરી

# અભિનંદન

- શ્રી નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ (તંબોલીવાડો - મરીનડ્રાઈવ) ની પૌત્રી હિન્દી વિદ્યાભવન - મરીનડ્રાઈવ ખાતે ધો. ૯ માં અભ્યાસ કરતી **ચિ. તનીષા ભાવિક શાહ** (ઉં. ૧૪) ને સિલ્વરઝોન ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ ઈન્ટરનેશનલ ઓલ્મ્પીયાર્ડ ઓફ સાયન્સની પરીક્ષામાં ૬૫.૪૨ ટકા માર્ક્સ મેળવી પ્રથમ સ્થાને ઉર્તીણ થઈ ગોલ્ડ મેડલ મેળવેલ છે તે બદલ અભિનંદન.

- **Avi.** Son of Mrs. Kruti and Mr. Sandip Rameshchandra Motilal Shah.
  (Katakiya Wado-Nana Chawk) has graduated Master of Science in Financial Engineering with Honors from University of Southern California-U.S.A.
  GPA 3.93/4.
  Currently pursuing CFA level 2.
  Congratulation for his Great Achievement

- **શ્રી યતિનભાઈ પ્રતાપચંદ શાહ** (ઢંઢેરવાડો - ગોરેગામ)ની નેશનલ કાઉન્સીલ મેમ્બર ઓફ ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયન ફાઉન્ડ્રીમેન તરીકે સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે તેમજ એક્ઝીક્યુટીવ કમિટિ મેમ્બર ઓફ અમેરિકન સોસાયટી ઓફ મટેરિયલ્સ - ઈન્ડિયા ચેપ્ટર માટે સને ૨૦૧૬-૧૮ માટે નિમણૂંક થયેલ છે. તે બદલ અભિનંદન

## ધનની શોધ ક્યાં સુધી.... ?

એક વૃદ્ધ, નાતાલના નવા વર્ષમાં આગમનને વધાવતો ચર્ચમાં પ્રાર્થના કરી રહયો હતો "હે પ્રભુ જે બદલી શકાય તેવુ હોય તેને બદલવાની મને શકિત આપજે. અને જે બદલી શકાય તેવુ નજ હોય તો તેનો સહર્ષ સ્વીકાર કરવાની મને શકિત આપજે." સાથે તેની પત્ની હતી ચર્ચની બહાર આવ્યા ત્યારે પત્નીએ પુછયું કે ડીયર તુ કેટલા વર્ષથી આ એક જ પ્રાર્થના કરે છે તો પણ તું કેમ બદલાતો નથી? ખરખર જો તારે બદલાવવુ જ હોય તો તારી વૃદ્ધાવસ્થાનો સ્વીકાર કરી શાંતીથી ઘરમાં બેસી તારા જીવનમાથી ભૌતિક સુખોની ઘેલછાને દૂર કરી નાખ. ઈશુના હ્રદય સાથે તારા અંતર આત્માને બાંધી દે પત્નીની આ વાત સાભળી વૃદ્ધ આગળ ચાલવા માંડયા, પત્ની નિરાશ બનીને જોતી રહી.

**આવા મુર્છિત મનને ઢંઢોળવાની શુભ ભાવનાથી વાચક મિત્રો સમક્ષ ઓશોની એક બોધ કથા રજુ કરૂં છું.**

એક કઠિયારો જંગલમાં જઈને રોજ લાંકડા કાપે જે મળે તેમાંથી પરિવારનું ગુજરાન ચલાવે. કઠિયારો રોજ જે રસ્તા પરથી આવન જાવન કરતો ત્યાં એક સંતની ઝુંપડી હતી કઠીયારો ઝુંપડીમાં નજર કરે, સંત એને શાંત ચિત્તે સમાધિમાં બેઠેલા દેખાય એને મનમાં વિચાર આવે કે આ નાનકડી ઝુંપડીમાં એકલા રહેતા સંતનું ગુજરાન કઈ રીતે ચાલતુ હશે ? સંત પણ રોજ આ કઠિયારાને જુએ અને વિચાર આવે કે અરે ! આ બિચારો કેટલો પરિશ્રમ કરે છે પણ લાગે છે કે તેને જોઈએ તેટલા પૈસા મળતાં નથી લાગતા. સંતના મનમાં કરૂણા જાગી કઠિયારાને પોતાની પાસે બોલવ્યો અને કહ્યું કે ભાઇ તું જયાંથી લાકડા કાપીને લાવે છે ત્યાથી થોડેક દુર ચંદનનુ વન છે તું ત્યા પહોચી જા તો ઓછા પરિશ્રમે તને વધુ ધન મળશે.

કઠિયારાને પહેલા તો આ વાત પર વિશ્વાસ ન બેઠો પણ ખાતરી કરવા ગયો જોઈને આશ્ચર્યમાં ડુબી ગયો, મનોમન સંતનો આભાર માન્યો. ચંદનની સુવાસથી તેનુ મન તરબતર થઈ ગયુ. હવે તો રોજ ત્યાંથી લાકડા કાપી વધુ ધન કમાવા લાગ્યો. તેનુ જીવન અને તેનું પરિવાર હવે સુખ શાંતિથી રહેવા લાગ્યા. ફરી એક વાર તે સંતને મળવા ગયો પોતાની સુખદ પરિસ્થિતીની વાત કરી, સંતે તેને કહ્યું તને હજી વધારે ધનવાન બનવુ હોય તો હજુ આગળ ચાંદીની ખાણ છે ત્યાં જા, હવે કઠિયારાને સંત ઉપર શ્રદ્ધા હતી તેથી ચાંદીની ખાણ પાસે જઈ રાજીના રેડ થઈ લાકડા કાપવાનું બંધ કરી રોજ થોડી થોડી ચાંદી લાવી વેચી એશોઆરામથી રહેવા લાગ્યો. સંત પાસેથી પસાર થવાનો રસ્તો બદલાઇ ગયો. ઘણા દિવસો પસાર થતા એક દિવસ અચાનક સંતની યાદ આવતા તેને મળવા ગયો, બધી વાત કરી, વાત વાતમાં સંતે તેને હજી થોડે દુર સોનાની ખાણ હોવાની વાત કરી, સાંભળીને કઠિયારો તો પાગલ જ બની ગયો સંતના ખોળામાં મસ્તક ઝુકાવી આર્શિવાદ લઈ દોડયો સોનાની ખાણ તરફ.

આખી જિન્દગીભરનું દળદર ફીટી ગયું હોય તેમ આરામથી રહેવા લાગ્યો અને સંતને ભુલી પણ ગયો. બન્યું એવું કે એક દિવસ સંત સામેથી તેને મળવા ગયા અને કહ્યું ભાઈ, હજી પણ હિરાની ખાણ બાકી છે તો તું ત્યાં જા. કઠિયારો હવે મુંઝાયો તેને આગળ જવાની ઈચ્છા ન થઈ પણ ક્ષણિક તે વિચારમાં ખોવાઈ ગયો, હું સોનાથી તો ધનવાન બની ગયો છું, બધુજ સુખ છે, પરિવાર પણ ખુશ છે સંતને તેની ખબર સુધ્ધા છે છતા પોતે કેમ કશું નહી લેતા હોય? સંતની વાણી પર શ્રદ્ધા જાગી સંતને પુછયું હિરાની ખાણથી આગળ કઈ ખાણ છે ? સંતે મલકાતા ચહેરે જવાબ આપ્યો આગળ હવે હું છું તારી ધનની શોધ જયાં પુરી થાય છે ત્યાંથી જ ધ્યાનની યાત્રા શરૂ થાય છે. માણસના જીવનમાં જયાં પદ, પૈસો ને પ્રતિષ્ઠાની આળ પંપાળ અટકે ત્યાથી જ પરમાત્મા પ્રત્યેની પ્રાર્થનાની અહાલેક જાગે છે પછી તેને કોઈ ધન દૌતલની ઝાઝી કિંમત રહેતી નથી. હિરા ઝવેરાતથી જે કિમતી વસ્તુ છે તે માત્ર ધ્યાનથી જ મળે છે માટે જ મારા ભાઈ તું આટલો આરામથી ને શાંતિથી રહે છે, જ્યારે આ ધનથી થાકી જાય ત્યારે મારી પાસે આવજે હું તારો કલ્યાણ મિત્ર છું.

સંતની આંખોમાં છલકાતી કરૂણા જોઈ કઠિયારો તેમના ચરણમાં ઝુકી ગયો તેની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી.

મિત્રો ! સમજીએ તો કથાનો સાર સુંદર છે. જીવન પણ એક યાત્રા છે. જીવથી શીવ સુધીની, તળેટીથી શિખર તરફની. શું આપણે આ કથાના સારનો સ્વિકાર પેલા કઠિયારાની જેમ કરી શકવાનો પ્રયત્નો કરીશું ?

**સંકલન- શ્રીમતી ભારતીબેન બી. શાહ**


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ: પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન: ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુ:ખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૧૫-૮-૧૬ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૮૭૫**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | |
|---|---|
| કાયમી શેડ ફંડ રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | |
| કાયમી નિભાવ ફંડ રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

## સાભાર સ્વીકાર

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર મેડિક્લેઈમ પ્રીમીયમ સહાય ફંડ**

૪૮,૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાલીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**શ્રી મૌલિક-દિવ્યબાળા નવિનચંદ્ર શાહ પુર્વ પ્રાથમિક ફંડ**

૧૧,૦૦,૦૦૦/-શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)

**શતાબ્દિ ગૌરવ કોરપસ ફંડ**

૧૧,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

**સમાજ વિકાસ ભેટ**

૩,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી (કનાસાનો પાડો)

૧,૦૦,૦૦૦/- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૧,૦૦,૦૦૦/- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ (કેશુશેઠનો પાડો)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ કોરપસ ફંડ**

૧,૫૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન હસમુખભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી નૂતન મુનીસુવ્રત સ્વામી મૂ.પૂ. જૈન સંઘ - (ગોરેગામ)

૧,૦૦,૦૦૦/- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૫૦,૦૦૦/- શ્રીમતી ભારતીબેન દિનેશભાઈ પત્રાવાલા (ચિતારાની ખડકી)

**શ્રી હસમુખભાઈ બાલુભાઈ શાહ એન્જિનિયરીંગ પ્રાઈઝ**

૫૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન હસમુખભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**શ્રીમતી તારાબેન મણિલાલ ગભરુચંદ શાહ ધાર્મિક પ્રાઈઝ ફંડ**

૧૦,૦૦૦/- સ્વ. શ્રીમતી કાંતાબેન જયંતિલાલ શાહના સ્મરણાર્થે (મણિયાતી પાડો)

## સંસ્થા સમાચાર

### શ્રી પાટણ પાંજરાપોળ

૦ શ્રી પાટણ પાંજરાપોળ દ્વારા ખલીપુર ખાતે ઘાસના દાતાઓનો સન્માન સમારોહ તા. ૧૮-૧૨-૨૦૧૬ને રવિવારે આયોજન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાટણની આસપાસના વિવિધ સામાજિક મંડળો, ગ્રામ પંચાયતો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શ્રી પાટણ પાંજરાપોળના ટ્રસ્ટીઓ શ્રી જે.કે.શાહ, શ્રી પંકજ પનાલાલ તથા શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ તેમજ પાંજરાપોળના અનેક હોદ્દેદારો તથા પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ વિગેરે હાજર રહ્યા હતા. સંસદિય મંત્રીશ્રી રણછોડભાઈ, પાટણ નગરપાલિકાના પ્રમુખ જાગૃતિબેન તેમજ અનેક રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ૩૦થી વધુ દાતાઓને એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે હવે પછીથી ઘાસના દાતાઓને ''ડોનેશન કાર્ડ'' આપવામાં આવશે. જે વ્યક્તિ! સંસ્થાના ડોનેશનના વધારે કાર્ડ મેળવશે તેઓનું વરસ આખરે જાહેર સન્માન કરવામાં આવશે. પાંજરાપોળના આવેલ દાતાઓએ આ પ્રસંગે અનેક જીવદયા પ્રેમીઓએ ઘાસના દાનની જાહેરાત કરી હતી. આ સમારોહનું સફળ આયોજન સંસ્થાના સનિષ્ઠ અને સક્રિય મંત્રીઓ શ્રી દિપકભાઈ રેવંતિલાલ અને શ્રી નિખીલ રવિન્દ્રભાઈના સંયોજન તથા શ્રી રાજુભાઈ તથા શ્રી સતીષભાઇના સહકારથી પુર્ણ થયેલ હતું.

### સંકલ્પ ગૃપ-બોરીવલી વેસ્ટ

૦ પાટણ જૈન સમાજ (બોરીવલી વેસ્ટ) ની બહેનો દ્વારા સંકલ્પ ગૃપની સ્થાપના ૨ વર્ષ પહેલા કરાઈ હતી. ૪૫ બ્હેનોનું સંગઠન ધરાવતા આ ગૃપ દ્વારા સેમીનાર, પિકનીક, ડેમોનસ્ટ્રેશન તેમજ સાંસ્કૃતીક કાર્યક્રમોનું આયોજન થાય છે.

આ ગૃપમાં જોડાવવા ઈચ્છનાર બોરીવલી વેસ્ટ ખાતેની બ્હેનોએ નીચે મુજબ સંપર્ક કરવો - ફાલગુની શાહ ૯૮૨૧૮૮૧૯૬૪,
હેતલ (પિન્કી) શાહ ૯૮૬૭૦૬૫૨૮૦

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | દમયંતીબેન મહાસુખલાલ શાહ | ૮૧ | અમદાવાદ | ૨૨-૧૨-૨૦૧૬ | માગસરવદ-૦૯ |
| વિશા શ્રીમાળી | ખડાખોટડીનો પાડો | હરેશ કાંતિલાલ શાહ (રાણીવાળા) | ૫૭ | ભાયંદર | ૦૩-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૦૫ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | કાંતાબેન જયંતિલાલ શાહ | ૮૩ | વાલકેશ્વર | ૦૪-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૦૬ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | કમળાબેન વૃજલાલ શાહ | ૯૨ | મરીનડ્રાઈવ | ૦૬-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૦૮ |
| વિશા પોરવાળ | મહાદેવાની શેરી | ભૂપેનભાઈ જયંતિલાલ ઝભલાવાળા | ૬૩ | મરીનડ્રાઈવ | ૦૬-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૦૮ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | સરોજબેન અજયકુમાર શાહ | ૬૯ | ભાયંદર | ૧૦-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૧૩ |
| દશા ઓસવાલ | ખેજડાનો પાડો | હેમંતભાઈ બાલચંદભાઈ શાહ | ૫૬ | બોરીવલી | ૧૦-૦૧-૨૦૧૭ | પોષ સુદ-૧૩ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# પાટણ શતાબ્દિ ગૌરવ સ્નેહ મિલન સમારંભ



**શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃતિઓની માહિતી આપતા મંડળના હોદ્દેદારો શ્રી દીનેશભાઈ શાંતીલાલ, શ્રી વિરેન્દ્રભાઇ પોપટલાલ, શ્રી ભરતભાઇ નેમચંદ, શ્રી દીપકભાઈ રેવંતિલાલ, શ્રી જે. કે. શાહ તથા શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સંસ્થાને આગામી દ્વિતિય શતાબ્દિના સુઆયોજન માટે આર્થિક તેમજ વહિવટી આંચ ન આવે, તેમજ સમાજના પરિવારોની શૈક્ષણિક, મેડીકલ તેમજ સુચારૂ ગુજરાન ચલાવા જરૂરી સહાય માટે ઠેર ઠેર હાથ લંબાવવો ન પડે, તેવા દીર્ઘદ્રષ્ટિપૂર્વકના આયોજનો માટે હાલના તબક્કે ઉપસ્થિત થયેલ પ્રશ્નોના ઉપાય તેમજ ઉકેલ લાવવા સમાજના સુખી - સંપન્ન દાતાઓ તથા કાર્યકરો સાથે શનિવાર તા. ૭-૧-૨૦૧૭ના સાંજે યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ, જેમા ૬૦ સદસ્યો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિલાલ શાહ તથા શ્રીમતી રાગીણીબેન ભરતકુમાર શાહ દ્વારા નવકારમંત્રના સ્મરણ સાથે કરવામાં આવેલ.

મંડળના માનદમંત્રી (એડમી) **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા મંડળની પ્રવૃત્તિઓ વિશેનો આછેરો ચિતાર આપવામાં આવેલ.

સંસ્થાના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા મંડળની નાણાંકિય પરિસ્થિતિ અંગેનો ગ્રાફીક્સ સાથે સુંદર છણાવટ Power Point દ્વારા ખ્યાલ આપવામાં આવેલ.

સંસ્થાના ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** દ્વારા શિક્ષણ, મેડીકલ સમિતિના શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ દ્વારા મેડીકલ અને ઉપપ્રમુખો **શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ** તથા **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓ વિશેની વિગતવાર માહિતીઓ આપવામાં આવી હતી.

સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** દ્વારા વર્તમાન ભંડોળ તથા નાણાંરોકાણ ઈત્યાદિની ચાલુ વર્ષની આંકડાકીય માહિતીના આધારે આગામી પાંચ વર્ષની સંભવીત આવક-ખર્ચની વિગતોની રજૂઆત કરવામાં આવેલ. **સમાજ ઉત્કર્ષની સહાય માટે પડતી અછતને પહોંચી વળવા તથા આગામી ત્રણ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧ લાખના ડોનરોની જરૂરિયાત અંગે ટહેલ કરવામાં આવતાં, ઉપસ્થિત દાતાશ્રીઓમાંથી સ્વૈચ્છિક રીતે ૧૮ પરિવારો દ્વારા ૩ વર્ષમાં રૂા. ૬૦ લાખના દાનના વચનોની જાહેરાત કરવામાં આવી, જેને સૌએ ઉમળકાભેર સહર્ષ વધાવી લીધી હતી.**

આ પ્રસંગે મંડળની વિવિધ સહાયક પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો અંગેની સ્લાઈડ શો સાથે પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.

શ્રી પાટણ જૈન મંડળની ૧૦૪ વર્ષની ઉજ્જવળ કારકીર્દિને બીરદાવવા આગામી સમયમાં ભવ્ય શતાબ્દિ ઉજવણી કરવાનું આયોજન ગોઠવવામાં આવશે. મંડળની સહાયક પ્રવૃત્તિઓના ભંડોળને વધુ મજબુત બનાવવા સમાજના વધુમાં વધુ પરિવારો સહભાગી થઈ શકે તેવા શુભ આશયથી **''પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ''** યોજના અન્વયે **રત્ન સ્થંભ રૂા. ૧૧ લાખ, સુવર્ણ સ્થંભ રૂા. ૮ લાખ, રજત સ્થંભ રૂા. ૫ લાખ અંગેની શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ** દ્વારા જાહેરાત અને વિગતો આપવામાં આવેલ. જેની વિગતો આ અંકના પ્રથમ પાને પ્રકાશિત કરેલ છે.

જેને ઉપસ્થિત દાતાપરિવારજનો તરફથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળ્યો હતો અને **રૂા. ૨ કરોડથી વધુ દાનના વચનનો પ્રાપ્ત થયેલ છે.** દાન આપવાનું સ્વીકારેલ તે સર્વે દાતાઓ પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**આ અવસરે ઉપસ્થિત સમાજના મોભીઓ દ્વારા શ્રી જે. કે. શાહ, શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી બીપીનભાઈ નેમચંદ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ(સાલવી), શ્રી નીખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર, શ્રી પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ, શ્રી હર્ષદભાઈ સેવંતીલાલ દ્વારા સંસ્થાની પ્રગતિ અને સમાજના વિકાસ માટે વિવિધ સુચનો કરવામાં આવેલ.** અંતમાં શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ દ્વારા સૌ ઉપસ્થિત મહાનુભવો તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્લાઈડો માટે શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ પ્રત્યે આદર સાથે આભાર વ્યક્ત કરવામા આવેલ.

શ્રી પાટણ જૈન મંડળ



ઉપસ્થિત આમંત્રિત મહેમાનો



મંડળના વિકાસ અંગેના સુચનો આપતા શ્રી દાનેશભાઈ, શ્રી ચંદ્રવદનભાઈ, શ્રી મહેન્દ્રભાઈ પી. શાહ, શ્રી બીપીનભાઈ એન. શાહ તથા શ્રી હેમંતભાઇ શાહ

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB • January 2017 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## સમાજ ઉત્કર્ષ ફંડ અભિયાન

તાજેતરમાં Demonetisation પછી બદલાયેલી પરિસ્થિતિમાં વ્યાજના દરો ઘટશે આવતા થોડા વર્ષો સુધી સંસ્થાને આર્થિક સંકડાશ ન રહે તે બાબત તા. ૭-૧-૨૦૧૭ના દાતાઓ તથા કાર્યકર્તાઓની મીટીંગમાં ચર્ચા વિચારણા થઈ હતી.

ગત વર્ષ દરમ્યાન આપણા સમાજના ૩૪૬ પરિવારોએ સંસ્થામાંથી આર્થિક સહાય લીધી હતી આમાના કેટલાક પરિવારો ઘણી દારૂણ પરિસ્થિતિમાં જીવન જીવી રહ્યા છે. આપણી સંસ્થા આવા પરિવારોને ભાડા રાહત, મહિલા ઉત્કર્ષના નેજા હેઠળ વિધવા તથા ત્યક્તા બહેનોને તેમજ વૃદ્ધજન સહાયમાં, આર્થિક મદદ કરે છે. છેલ્લા ચાર વર્ષથી આ સહાય માટેનું બજેટ વધારાયું નથી અને દર વર્ષે મદદ માટેની અરજીઓ વધતી જ રહે છે. **મંડળ પાસે ભંડોળ તેમજ કોરપસની વ્યાજની આવક ઓછી હોવાથી ઉપર્યુક્ત કેસોમાં સહાયની અરજી કરનારની જરૂરિયાતની સામે સંસ્થા ઘણી ઓછી રકમનીજ મદદ કરી શકે છે.**

આ પરિસ્થિતિનું અવલોકન કરી આવા પરિવારો માટે અત્યાર સુધી જે ૨૦ લાખ રૂપિયાનું બજેટ હતું તેને વધારવાની તાત્કાલિક જરૂર છે તેવી રજુઆત ઉપર્યુક્ત મીટીંગમાં થઈ. **જરૂરિયાતવાળા કુટુંબોને સહાય માટે અનેક જગ્યાએ ભટકવું ન પડે એ માટે બજેટ ૨૦ લાખથી વધારી ૬૦ લાખ કરવાનું ઠરાવેલ** અને એ દિશામાં સરળતાથી વ્યવહાર ચાલી શકે તે માટે ત્રણ વર્ષ સુધી દર વર્ષે **રૂા. ૧ લાખ આપે તેવા ૫૦ થી ૬૦ દાતાઓ** મળે તો આ પ્રશ્નનું સુખદ નીરાકરણ થઈ શકે એવી ટહેલ હાજર રહેલ પ્રમુખશ્રી તેમજ ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે કરી જેના પ્રતિસાદમાં ૧૭ નામો મીટીંગમાં જ મેળવી શકાયા.

મીટીંગમાં હાજર ન હતા તેવા દાતાઓ પાસેથી સંસ્થાને સહકારની અપેક્ષા છે. સંસ્થા દ્વારા આ માટે સંપર્ક કરવામાં આવે ત્યારે **બની શકે તો ત્રણ વર્ષ માટે રૂા. ૧ લાખ અથવા ચાલુ વર્ષ માટે જ રૂા.૧ લાખ આ ભંડોળમાં આપી આપણા સાધર્મિકોને જીવવા માટે વધુ સારી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં નિમિત્ત બનશો.**

## સમાજ ઉત્કર્ષ ફંડના દાતાશ્રીઓ

| દાતાશ્રીના નામ | મહોલ્લો | પ્રતિ વર્ષે રૂ. |
|---|---|---|
| શ્રી સેવંતીલાલ ભગવાનદાસ ઝવેરી | કનાસાનો પાડો | ૩ લાખ |
| સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ | કુંભારીયા પાડો | ૨ લાખ |
| શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ | સિદ્ધચક્રની પોળ | ૧ લાખ |
| શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | મલ્લાતનો પાડો | ૧ લાખ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | કનાસાનો પાડો | ૧ લાખ |
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા | કનાસાનો પાડો | ૧ લાખ |
| શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ | ઢંઢેરવાડો | ૧ લાખ |
| શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ | કુંભારીયા પાડો | ૧ લાખ |
| શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ | ચિતારાની ખડકી | ૧ લાખ |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ | સાલવી વાડો | ૧ લાખ |
| શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ | ખજુરીનો પાડો | ૧ લાખ |
| શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ | કુંભારીયા પાડો | ૧ લાખ |
| શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા | મનમોહનજીની શેરી | ૧ લાખ |
| શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ | ડંક મહેતાનો પાડો | ૧ લાખ |
| શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ | કેશુશેઠનો પાડો | ૧ લાખ |
| શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ | કોકાનો પાડો | ૧ લાખ |
| શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ | અબજી મહેતાનો પાડો | ૧ લાખ |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,